Public Health England

NHS

# ટી.બી. (TB), બી.સી.જી. (BCG)ની રસી

## અને તમારું બાળક



immunisation

તમારા બાળકને સુરક્ષિત રાખવાનો સૌથી સલામત રસ્તો

**આ પત્રિકા બી.સી.જી. (BCG Bacillus Calmette-Guérin) રસી વિશે છે જે ટ્યુબરક્યુલોસિસ (ટી.બી. tuberculosis TB) સામે તમારા બાળકનું રક્ષણ કરવા માટે આપવામાં આવે છે.**

## બી.સી.જી.ની રસી શું છે?

બી.સી.જી.ની રસીમાં ટી.બી.નું કારણ બનતા નબળા પ્રકારના બેક્ટીરીયા (જીવાણુઓ) હોય છે. તે નબળા કરી દેવાયેલા હોવાથી, તેનાથી ખરેખરો ટી.બી. થતો નથી, પરંતુ જો તમારું બાળક કદાચ ક્યારેક તેના સંપર્કમાં આવે તો તે વખતે તેના લીધે તમારા બાળકને ટી.બી. સામેનું સંરક્ષણ (રોગપ્રતિકારકતા) વિકસાવવામાં મદદ થાય છે. બી.સી.જી.ની રસી શિશુઓ અને નાનાં બાળકોનું ખાસ કરીને ભાગ્યે જ થતા અમુક ગંભીર પ્રકારના ટી.બી. સામે અસરકારક છે, જેમ કે ટી.બી. મેનિન્જાઈટિસ (મગજની દિવાલ પરનો સોજો) સામે.

## ટી.બી. શું છે?

ટી.બી. બેક્ટીરીયાથી થતું ઈન્ફેક્શન છે જે ફેફસાંને અસર કરે છે, પરંતુ તે શરીરના બીજા કોઈ પણ ભાગને અસર કરી શકે છે. ટી.બી.ના જીવાણુઓથી થયેલ ઈન્ફેક્શનથી ટી.બી.નો રોગ કદાચ ન પણ થાય. ટી.બી.નો રોગ શરીરમાં ધીમે ધીમે વધે છે અને તેનાં ચિહ્નો દેખાવામાં મહિનાઓનો સમય લાગે છે. ટી.બી.નો ચેપ લાગેલા મોટા ભાગનાં લોકોને ક્યારેક ટી.બી.નો રોગ નહિ થાય. આ લોકોમાં ટી.બી.ના બેક્ટીરીયા જીવનભર નિષ્ક્રિય રહે છે. બીજાં લોકોમાં (દાખલા તરીકે, જેમની રોગ પ્રતિકારક શક્તિ નબળી હોય), તેમનામાં આ બેક્ટીરીયા કદાચ સક્રિય બનીને ટી.બી.નો રોગ થઈ શકે. આ દેશમાં મોટા ભાગનાં લોકો સારવાર મેળવ્યા બાદ પૂરેપૂરા સાજાં થઈ જાય છે, પરંતુ તેમાં ઘણા મહિના લાગે છે.

## ટી.બી.નાં લક્ષણો કયા છે?

ટી.બી. શરીરના કોઈ પણ ભાગને અસર કરી શકે છે. તેનાં ચિહ્નો જુદાં જુદાં હશે અને નાનાં શિશુમાં તે રોગની નિશાનીઓ પુખ્ત વયની વ્યક્તિ કરતાં અલગ હોઈ શકે. ટી.બી. ચેપી હોવાને કારણે, બીજા કોઈમાં તે રોગ થયેલો હોય તો તે તમે ઓળખો એ અગત્યનું છે.

જો તમને, તમારા બાળકને, અથવા તમારા કુટુંબના બીજા કોઈ પણ સભ્યને નીચેનામાંથી કંઈ પણ હોય, તો તમારે તમારા ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએઃ

- ત્રણ અઠવાડિયાંથી વધારે લાંબી ચાલતી સતત ઉધરસ
- તાવ
- પરસેવો વળવો, ખાસ કરીને રાત્રે
- અકારણ વજન ઓછું થવું
- સામાન્ય રીતે અને અચાનક ખૂબ થાક લાગવો અને તબિયત ખરાબ હોવાનું લાગવું
- ખાંસીમાં લોહી પડવું

## ટી.બી. કેવી રીતે પકડાય છે?

તમે એવી વ્યક્તિ પાસેથી જ ટી.બી.નો ચેપ પકડી શકો જેમનાં ફેફસાં અને ગળામાં ચેપ લાગી ચૂક્યો હોય અને જેઓ ઉધરસ કરતાં હોય. તેઓ જ્યારે ઉધરસ ખાય ત્યારે ઝીણાં ટીપાં બહાર ઊડે છે જેમાં બેક્ટીરીયા હોય છે. જો તમે તે ટીપાં તમારા શ્વાસમાં લો, તો તમને પણ તેનો ચેપ લાગી શકે છે. ચેપ લાગવાનું જોખમ હોવા માટે, ચેપ લાગેલી વ્યક્તિ સાથે ખૂબ નજીકનો અને લાંબા સમયનો સંપર્ક હોવો જરૂરી છે, દાખલા તરીકે એક જ ઘરમાં રહેતાં હોય.

## ટી.બી. કેટલો સામાન્ય છે?

યુ.કે.માં 1950ના દસકામાં, દર વર્ષે ટી.બી.ના 50,000 કરતાં વધારે કેસો ઊભા થતા હતા. આજે, આ નંબર ઘટીને દર વર્ષે લગભગ 6,000 કરતાં થોડા વધારે કેસો થાય છે. આથી, તમને તેનો ચેપ લાગે તેવી શક્યતાઓ ઓછી હોવા છતાં, દરેક જણે ટી.બી.નાં ચિહ્નોથી વાકેફ હોવું જોઈએ.

આ ખાસ કરીને એટલા માટે અગત્યનું છે કારણ કે ટી.બી. વિશ્વભરમાં મોટા પ્રમાણમાં ફેલાયેલો રોગ છે.

જે લોકો ટી.બી.નો ઊંચો દર હોય તેવા દેશોમાં રહેલાં હોય કે ત્યાં કામ કર્યું હોય તેમનામાં આ રોગ થવાનું જોખમ વધારે છે. આ કુટુંબોનાં બાળકો પણ યુ.કે.માં કે તેમના વતન દેશમાં તેમના સમાજનાં ચેપ લાગેલા લોકોના નજીકથી સંપર્કમાં આવવાની શક્યતા વધારે છે.

## મારા બાળકને શા માટે બી.સી.જી.ની રસી આપવામાં આવી રહી છે?

યુ.કે.માં, બીજા ઘણા દેશોની જેમ જ, જે બાળકો ટી.બી. વાળી કોઈ વ્યક્તિના સંપર્કમાં આવવાની શક્યતા હોય તેમને બી.સી.જી.ની રસી આપવામાં આવે છે. આમાં ટી.બી.નો ઊંચો દર હોય તેવા વિસ્તારમાં રહેતાં બાળકોનો અથવા જેમનાં માતાપિતા કે દાદા-દાદી કે નાના-નાની ટી.બી.નો ઊંચો દર ધરાવતા દેશનાં વતની હોય (વધારે માહિતી માટે પાનું 7 જુઓ) તેવાં બાળકોનો સમાવેશ થાય છે.

## મારા બાળકને કેવી રીતે રસી આપવામાં આવે છે?

તમારા બાળકને તેના બાવડાના ઉપરના ભાગમાં રસી આપવામાં આવશે.

આ રસી સામાન્ય રીતે જન્મ પછી તમારું બાળક હજુ હોસ્પિટલમાં જ હોય ત્યારે આપવામાં આવે છે, પરંતુ તે પાંચ વર્ષનું થાય તે દરમ્યાન ગમે ત્યારે આપી શકાય છે.

## તેની કોઈ આડ અસરો છે?

ઈન્જેક્શન આપ્યા પછી, તરત જ એક ચાઠા જેવું ઉપસી આવે છે. આ બતાવે છે કે ઈન્જેક્શન બરાબર આપવામાં આવ્યું છે.

ઈન્જેક્શન આપ્યાના બેથી છ અઠવાડિયાંની અંદર એક નાની ગુમડી જેવું દેખાશે. થોડા દિવસ સુધી કદાચ આ ખૂબ સૂજેલું લાગશે, પરંતુ જો તમે તેને ઢાંકશો નહિ, તો ધીમે ધીમે તે મટી જશે. તેનાથી એક નાના ઘા જેવું નિશાન રહી જાય એવું બને.

કેટલીક વાર બાળકને જ્યાં ઈન્જેક્શન આપવામાં આવ્યું હોય તે ભાગમાં ચામડીની સપાટી પર સોજા જેવું થઈ શકે. જો તેમાંથી પ્રવાહી નીકળતું હોય અને તેને ઢાંકવાની જરૂર હોય, તો કોરું ડ્રેસિંગ વાપરો - પ્લાસ્ટર ક્યારેય ન લગાવશો - જ્યાં સુધી તે સૂકાઈને પોપડી ન થઈ જાય ત્યાં સુધી. આ સોજો મટતાં મહિનાઓનો સમય પણ લાગી શકે છે.

જો તમને ચિંતા હોય અથવા લાગે કે તે સોજામાં ઈન્ફેક્શન થઈ ગયું છે, તો તમારા ડોક્ટરને બતાવો.



## એવાં કોઈ કારણો છે જેના લીધે મારા બાળકે બી.સી.જી.ની રસી ન લેવી જોઈએ?

મોટા ભાગની રસીઓની જેમ જ, આ ઈન્જેક્શન પણ કદાચ નહિ આપવામાં આવે અથવા તેમાં મોડું કરવું જોઈએ, જોઃ

- તમારા બાળકને ખૂબ ઊંચો તાવ હોય.
- તમારા બાળકને સામાન્ય શ્રેણીની ચામડીના ચેપની કોઈ બીમારી હોય (જો ખરજવું (એક્ઝીમા) હોય, તો જે ચામડી પર ખરજવાની ઈજા ન હોય તે ભાગ પર ઈન્જેક્શન આપવામાં આવશે).

ભાગ્યે જ એવું બને છે કે, જે બાળકોની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય, તેમનામાં રસીમાં રહેલા બેક્ટીરીયાથી કોઈ ગંભીર ઈન્ફેક્શન થઈ શકે.

જો તમારા બાળકની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય, અથવા તેની શંકા હોય, તો તમે નર્સ અથવા ડોક્ટરને તે કહો તે અત્યંત અગત્યનું છે. દાખલા તરીકેઃ

- બાળકને કેન્સર અથવા બીજી કોઈ ગંભીર બીમારીની સારવાર આપવામાં આવી રહી હોય.
- બાળકની માતાને સગર્ભાવસ્થા દરમ્યાન ઈમ્યુનોસપ્રેસસિવ બાયોલોજિકલ થેરપી (રોગપ્રતિકારક જૈવિક ઉપચાર) આપવામાં આવેલી હોય.
- કુટુંબમાં ભૂતકાળમાં કોઈને રોગપ્રતિકારક શક્તિ અંગે તકલીફો હોવાનો ઈતિહાસ હોય (એચ.આઈ.વી. સહિત).




# કયા શિશુઓને બી.સી.જી. લેવાની જરૂર છે

જે વિસ્તારમાં તમામ બાળકોને બી.સી.જી.ની રસી આપવામાં આવતી હોય તે વિસ્તારમાં તમે ન રહેતાં હો, તો પણ તમારા બાળકને કદાચ તે રસી લેવાની જરૂર પડે.

જો તમે નીચેનામાંથી કોઈ પણ પ્રશ્નનો જવાબ '**હા**' આપો, તો તમારે તમારા બાળકને બી.સી.જી.ની રસી અપાવવા વિશે તમારા ડોક્ટર અથવા નર્સને પૂછવું જોઈએ.

- શું તમારું બાળક, બાળકની માતા, પિતા અથવા દાદા-દાદી કે નાના-નાની અથવા તમારી સાથે રહેતી બીજી કોઈ પણ વ્યક્તિ જ્યાં ટી.બી.નો ઊંચો દર હોય તેવા દેશમાંથી આવે છે?
- શું તમે અને તમારું બાળક આમાંથી કોઈ દેશમાંથી આવતાં મિત્રો અને કુટુંબીજનોની સાથે રહેવા જશો?
- તમારી સાથે રહેતી કોઈ વ્યક્તિ અથવા તમારા બાળક સાથે ઘણો વધારે સમય વીતાવતી હોય તેવી કોઈ વ્યક્તિને હાલમાં કે ભૂતકાળમાં ટી.બી. થયેલો છે?



ટી.બી.નો ઊંચો દર ધરાવતા દેશોના આંકડા વિશ્વ આરોગ્ય સંસ્થા (**WHO**) પાસેથી લેવામાં આવ્યા છે:

**www.gov.uk/government/publications/tuberculosis-tb-by-country-rates-per-100000-people**

## મારે બીજું કશું જાણવાની જરૂર છે?

તમારા બાળકને બી.સી.જી.ની રસી ગમે ત્યારે આપવામાં આવે, તેમની બીજી નિયતક્રમની રસીઓ આપવાનું આઠ અઠવાડિયાંની ઉંમરથી શરૂ થઈ શકે છે. તમારા બાળકને જે હાથના બાવડા પર બી.સી.જી.ની રસી આપવામાં આવી હોય તે હાથ પર તેના પછીના ઓછામાં ઓછા ત્રણ મહિના સુધી બીજું કોઈ ઈન્જેક્શન આપવામાં ન આવે તેની તમારે ખાતરી કરવી જોઈએ; નહિતર તે વિસ્તારની ગ્રંથીઓમાં સોજો આવી શકે છે.



તમારા બાળકની અંગત બાળ આરોગ્ય નોંધ પુસ્તિકા (લાલ ચોપડી)માં તેમને બી.સી.જી. આપવામાં આવ્યું હોવાની નોંધ કરવામાં આવે તેની ખાતરી કરો, જે ભવિષ્યમાં સંદર્ભ માટે છે.

## વધુ માહિતી

જો તમને ટી.બી. વિશે, અથવા બી.સી.જી.ની રસી વિશે અથવા બીજી કોઈ પણ રસીઓ વિશે વધારે માહિતી જોઈતી હોય, તો તમારા ડોક્ટર, હેલ્થ વિઝિટર, મિડવાઈફ અથવા નર્સ સાથે વાત કરો: અથવા અહીં અમારી વેબસાઈટ જુઓ **www.nhs.uk/vaccinations.**

**યાદ રાખો, ટી.બી.ની સારવારમાં લાંબો સમય લાગે છે, તેની રોકથામ કરવી ઘણી વધારે સહેલી છે.**

NHS

©Crown copyright 2019

2900193B 75 K 1p FEB 2019 (APS)

આ પુસ્તિકાની વધારે નકલો મંગાવવા માટે,

જુઓ: www.orderline.dh.gov.uk અથવા ફોન કરો: 0300 123 1002,

મિનિકોમ: 0300 123 1003 (સોમવારથી શુક્રવાર, સવારે 8થી સાંજે 6 સુધી)